# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

રાજીવ ગાંધી ભવન'' સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web: www.gujaratcongress.in E – mail: gpcc1234@gmail.com

======================================================================

**અખબારી યાદી** તા.૦૮-૦૯-૨૦૧૮

- **સોનારીયા બ્લોકમાં વસવાટ કરતાં ગરીબ અને નબળા વર્ગના પરિવારોને જર્જરિત મકાનોમાંથી મુક્તિ મળે અને પુનઃસ્થાપન થાય તે અંગે કોંગ્રેસ પક્ષના ધારાસભ્યશ્રી હિંમતસિંહ પટેલે કરી માંગ**
- **માનનીય મેયરશ્રી અને મ્યુનીસીપલ કમિશ્નરશ્રી ગરીબ અને નબળા વર્ગના લોકો માટે માનવીય અભિગમ રાખીને યોગ્ય રીતે વર્ષો જુના મકાનો માટે કે પુનઃસ્થાપનની નીતિ નિર્ધારિત કરે**

અમદાવાદના સરસપુર વિસ્તારમાં આવેલ સોનેરીયા બ્લોકમાં બ્લોક નં.૧૮ ની છત તૂટતા સ્થાનિક રહીશોની મુલાકાત લીધી હતી. સોનારીયા બ્લોકમાં વસવાટ કરતાં ગરીબ અને નબળા વર્ગના પરિવારોને જર્જરિત મકાનોમાંથી મુક્તિ મળે અને પુનઃસ્થાપન થાય તે અંગે કોંગ્રેસ પક્ષના ધારાસભ્યશ્રી હિંમતસિંહ પટેલે જણાવ્યું હતું કે, સરસપુર વિસ્તારમાં આવેલ સોનેરીયા બ્લોકમાં ૫૦૦૦ જેટલા ગરીબ અને નબળા વર્ગના નાગરિકો વસવાટ કરે છે. સોનેરીયા બ્લોક વર્ષો જુના મકાનો છે. અનેક મકાનોની છત અને ગેલેરી ગમે ત્યારે તૂટી પડે તે હદે જર્જરિત છે. માનનીય મેયરશ્રી અને મ્યુનીસીપલ કમિશ્નરશ્રી ગરીબ અને નબળા વર્ગના લોકો માટે માનવીય અભિગમ રાખીને યોગ્ય રીતે વર્ષો જુના મકાનો માટે કે પુનઃસ્થાપનની નીતિ નિર્ધારિત કરે અને તેનો લાભ વર્ષોથી તકલીફ ભોગવતા ગરીબ અને નબળા વર્ગના પરિવારોને મળે તે જરૂરી છે. અમદાવાદના મેયરશ્રી અને મ્યુનીસીપલ કમિશ્નરશ્રીને જલ્દીથી જર્જરિત મકાનોનો રીનોવેશન કરી પુનઃસ્થાપિત કરવામાં આવે તેવી રજૂઆત કરી હતી.

કોંગ્રસ પક્ષના ધારાસભ્યશ્રી હિંમતસિંહ પટેલે જણાવ્યું હતું કે, સોનેરીયા બ્લોકના ૫૦૦૦ જેટલા ગરીબ અને નબળા વર્ગના નાગરિકો સામુહિક રીતે સંકલન કરીને વર્ષો જૂની તેમની વેદનામાંથી મુક્તિ માટે વહીવટીતંત્ર પાસે સંપૂર્ણ રજૂઆત કરાશે. ગરીબો માટેના આવાસોની હાલત ઘણી જ જર્જરિત છે. સર્વે કરવો જરૂરી છે, ઘણા બધા આવાસો જર્જરિત છે, ભવિષ્યમાં બનતી દુર્ઘટના અટકવવા તંત્ર તાત્કાલિક સમારકામ મજબૂત કરાવે જેથી દુર્ઘટના અટકે.

( ડૉ. મનિષ એમ. દોશી )
પ્રવક્તા

**નોંધ: સોનારીયા બ્લોક ખાતે અસરગ્રસ્તોની મુલાકાત અંગેના ફોટોગ્રાફ્સ આપને ઈ-મેઈલ કરેલ છે.**